Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ગુજરાતી સાહિત્ય અને ફિલ્મ

ડો. સંજય આચાર્ય
ગુજરાતી વિભાગ મ્યુનિસિપલ આર્ટ્સ & અર્બન સાયન્સ કોલેજ, મહેસાણા

**સારાંશ-**

સાહિત્યકૃતિમાંથી ફિલ્મમાં રૂપાંતરની સુદીર્ઘ પરંપરા છે. ફિલ્મો બનવાની શરુઆત થઈ ત્યારથી જ આ વલણ જોવા મળે છે. પરંતુ આરંભમાં અર્વાચીન કૃતિઓના સ્થાને પ્રશિષ્ટ કૃતિઓનો ઉપયોગ થતો હતો.. જેમ કે, પશ્ચિમમાં બાઈબલ અને આપણે ત્યાં રામાયણ-મહાભારતને આધારે ફિલ્મ બનાવવામાં આવતી.. શરુઆતમાં આવો વિનિયોગ ૧૯મી સદીમાં થયેલો જોવા મળે છે જેમાં લોકપ્રિય ધર્મકૃતિઓને ફિલ્મમાં રૂપાંતરિત કરવામાં આવતી. જેના કારણે એ કૃતિઓને પડદા પર લોકો જુએ તો એક નવો રોમાંચ અનુભવે. સાહિત્યની ઉત્તમ કૃતિઓ પરથી ઘણી ફિલ્મો બનાવવામાં આવી છે. સિનેમાના સો વર્ષના ઇતિહાસ પરથી જાણી શકાય છે કે ફિલ્મો સાહિત્યના વિવિધ પ્રકારોનું- નવલકથા, ટૂંકી વાર્તા, આત્મકથા, નાટક, કવિતાનું અને સમાચાર વૃતાંતોનું એક યા બીજી રીતે રૂપાંતર કરતી આવી છે. દાદાસાહેબ ફાળકેએ પોતાની પ્રથમ ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર (1913) એ જ વિષયના નાટક પરથી બનાવી હતી. સાહિત્યને સૌથી પ્રાચીન કલા માનવામાં આવે છે તો ફિલ્મને Art of 20th century કહેવાય છે. આ બન્ને કલાઓ હંમેશા ખૂબ અસરકારક રહી છે અને આ બન્ને કલાઓનો સંબંધ હંમેશા ચર્ચાસ્પદ રહ્યો છે. સાહિત્ય પાસે ચિત્રમય મોકળાશ નથી તો ફિલ્મ પાસે લાંબા કથનનો અવકાશ નથી. સાહિત્ય એક જ સર્જક દ્વારા થયેલું સર્જન છે જ્યારે ફિલ્મ નિર્માણમાં અનેક સર્જકોને પોતાની કલા અને ક્ષમતા સાથે નિપૂણતાની અભિવ્યક્તિની તક મળે છે.

**ચાવીરૂપ શબ્દો-** સિનેમા, સાહિત્ય, રૂપાંતર, અભિવ્યક્તિ

**ગુજરાતી સાહિત્ય પરથી રૂપાંતરિત થયેલી ફિલ્મ-**

ગુજરાતી સાહિત્યનુ પ્રભાત જેમ નરસિંહ મહેતાના પ્રભાતિયાંથી શરૂ થાય છે. તેમ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગની શરૂઆત પણ ૧૯૩૨માં 'નરસિંહ મહેતા' ફિલ્મથી થઇ. ૧૯૩૨ થી આજ સુધીના લગભગ ૮૬ વર્ષ દરમિયાન લગભગ ૧૨૦૦ થી વધુ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થયું છે. જેમાંથી આશરે ૫૦ ફિલ્મો એવી છે જેનો આધાર ગુજરાતી સાહિત્યકૃતિ બની છે.

ગુજરાતના આદિકવિ નરસિંહ મહેતાના જીવન-કવન-દંતકથા પરથી જ આશરે પંદર ફિલ્મો બની છે. ૧૯૩૬માં કવિ કલાપીએ મહાત્મા મૂળદાસ પર લખેલા ગીત પરથી પ્રેરિત ફિલ્મ 'સંસારલીલા' બની તો કવિ કલાપીના જ જીવનપ્રસંગ પર આધારિત ફિલ્મ 'કલાપી' ૧૯૬૬માં બની જેમાં સંજીવકુમાર કલાપી બન્યા હતા.

ગુજરાતી સાહિત્યની મહાનવલ ગણાતી 'સરસ્વતીચંદ્ર' નવલકથાના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી છે. આંતરચેતનાના ઊંડાણને ઉલેચવા માટે કોઈ સાહિત્યકૃતિ કેવા કપરા પડકારો ફેંકી શકે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ 'સરસ્વતીચંદ્ર' નવલકથા છે. આ નવલકથા પરથી દિગ્દર્શક ગોવિંદ

સરૈયાએ 'સરસ્વતીચંદ્ર' નામે ફિલ્મ બનાવી છે.પન્નાલાલ પટેલ કૃત નવલકથા 'માનવીની ભવાઈ' પરથી દિગ્દર્શક ઉપેન્દ્ર ત્રિવેદીએ 'માનવીની ભવાઈ' નામે ફિલ્મ સર્જી છે. દિગ્દર્શક ઉપેન્દ્ર ત્રિવેદીએ આ ફિલ્મ ૧૯૯૩માં રીલીઝ કરી હતી. મનુભાઈ પંચોળી 'દર્શક' કૃત 'ઝેર તો પીધા છે જાણી-જાણી' નવલકથા ગુજરાતી સાહિત્યની અમૂલ્ય નવલકથામાંની એક છે. આવી શ્રેષ્ઠ નવલકથાને ફિલ્મકૃતિમાં રૂપાંતરિત કરવાનું ભગીરથ કાર્ય દિગ્દર્શક ઉપેન્દ્ર ત્રિવેદીએ કર્યું છે. દિગ્દર્શક ઉપેન્દ્ર ત્રિવેદીએ ૧૯૭૨માં આ ફિલ્મ રીલીઝ કરી. નવલકથાના મુખ્યપાત્રો રોહિણી, સત્યકામ, અચ્યુત, ગોપાળબાપા અને હેમંતની આસપાસ આખી ફિલ્મ રચાઇ છે. આ મુખ્યપાત્રોનો અભિનય ફિલ્મમાં અનુપમા, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી જેવા કલાકારોએ કર્યો છે. આ નવલકથાની સંયુક્ત આવૃત્તિમાં યશવંત શુક્લ કહે છે તેમ માનવમનની ગહનતા ખુલ્લી થવા ઉપરાંત માનવસબંધોનું કોઈ તત્વજ્ઞાન, કોઈ દર્શન પણ પ્રતીત થાય છે. પન્નાલાલ પટેલ કૃત 'મળેલા જીવ' નવલકથા ગુજરાતી સાહિત્યની સુવિખ્યાત નવલકથા છે. દિગ્દર્શક મનહર રસકપૂરે 'મળેલા જીવ' નવલક્થા પરથી 'મળેલા જીવ' ફિલ્મ બનાવી છે. મનહર રસકપૂરે આ ફિલ્મ ૧૯૫૬માં રીલીઝ કરી હતી. ગુજરાતી સાહિત્યના ઐતિહાસિક નવલકથાકાર કનૈયાલાલ મુનશી કૃત 'પૃથ્વીવલ્લભ' નવલકથા પરથી 'પૃથ્વીવલ્લભ' ફિલ્મ બે વાર બની છે. ૧૯૪૮માં સોહરાબ મોદીએ તથા ૧૯૭૬માં રવીન્દ્ર દવેએ 'પૃથ્વીવલ્લભ' નામે ફિલ્મ બનાવી છે. ૧૯૪૮માં સોહરાબ મોદીએ જે ફિલ્મ બનાવી એના કલાકારોમાં કાજન, દુર્ગાખોટે, અને કે.એન.સિંહ છે તો ૧૯૭૬માં રવીન્દ્ર દવેએ જે ફિલ્મ બનાવી તેના કલાકારોમાં નલીન દવે, મહેશ જોશી, મીના ઈરાની અને રમેશ મહેતા છે. ઐતિહાસિક ઘટના પરથી નવલકથા બની હોય અને પછી તે નવલકથા પરથી ફિલ્મ બનાવવાની હોય ત્યારે જો સાહિત્યકારે કાગળ પર ઈતિહાસ ઉતાર્યો હોય તો ફિલ્મ સર્જકે બહુ મહેનત કરવી પડતી નથી અને ફિલ્મ સર્જક જો નવલકથાના જ પ્રેમમાં પડ્યો હોય તો તે ઈતિહાસ માટે બહુ મમત રાખતો નથી. 'પૃથ્વીવલ્લભ' નવલકથામાં ઈતિહાસ કેટલો ? તો કહે ભાખરી બનાવવાના લોટમાં મીઠું નાખે એટલો ! ઇતિહાસમાં માત્ર નામ મળે છે. પાત્રો, નગરોના....આનાથી વિશેષ કશું જ નથી. નવલકથામાં જ ઇતિહાસનું તત્વ નથી માટે તે પડદા પર પણ ઝીલાયું નથી પણ 'પૃથ્વીવલ્લભ' ની ભવ્યતા ઝીલવાનો અને પોતાના દ્વારા અભિવ્યક્ત કરવાનો એક પ્રયત્ન અભિનેતા – દિગ્દર્શક – નિર્માતા એ જરૂર કર્યો છે.

'કંકુ' વાર્તા ઉપરથી 'કંકુ' ફિલ્મ બની છે અને ફિલ્મની પટકથા લખ્યા પછી પન્નાલાલે 'કંકુ' નવલકથા પણ લખી છે. એટલે અહીં પણ વાર્તા, ફિલ્મ, નવલકથાનો ત્રિભંગ રચાયો છે. દિગ્દર્શક કાન્તિલાલ રાઠોડે 'કંકુ' સાહિત્યકૃતિ પરથી 'કંકુ'નામની ફિલ્મ બનાવી છે. કાન્તિલાલ રાઠોડે ૧૯૭૦ માં 'કંકુ' ફિલ્મ રીલીઝ કરી હતી. 'કંકુ' ફિલ્મના મુખ્યપાત્રોમાં કિશોર જરીવાલા, પલ્લવી મહેતા, કીશોરભટ્ટ, અરવિંદ રાઠોડ છે. 'કંકુ' ફિલ્મના ગીત વેણીભાઈ પુરોહિતે લખ્યા હતા. એને સંગીતમય દિલીપ ધોળકિયાએ કર્યા. 'કંકુ' ફિલ્મના ગીતો ઈસ્માઈલ વાલેરા, હંસા દવે અને વિના મહેતાએ ગાયા છે. સાંપ્રત ગુજરાતી વ્યાવસાયિક ફિલ્મોના પ્રવાહથી અલગ હટીને એક નારીપ્રધાન સંવેદનશીલ સાહિત્યકૃતિ પરથી ફિલ્મ બનાવવાનું સાહસ ૧૯૭૯માં થયું. અને વિનોદિની નીલકંઠની વાર્તા 'દરિયાવ દિલ' પરથી 'કાશીનો દીકરો' નામે ફિલ્મ બની. જેનું

દિગ્દર્શન કાંતિ મડિયાએ કર્યું હતું. 'કાશીનો દીકરો' ફિલ્મના મુખ્ય પાત્રોમાં રીટા ભાદુરી, લીલા ઝરીવાલા, રાગીણી, ગીરીશ દેસાઈ , રાજીવ છે. વાર્તા વાંચીએ ત્યારે આપણી સંવેદના અને કલ્પનાશીલતા હાથવગી હોય એટલે ચાલે.. પણ ફિલ્મનું માધ્યમ માણવા માટે થોડું વધારે સતર્ક રહેવું પડે. દિગ્દર્શક કેમેરાની ભાષાથી ઘણું કહેતો હોય છે. મેકઅપના ઉપયોગ દ્વારા પણ બદલાતી પરિસ્થિતિઓ દર્શાવાતી હોય છે. યુવાનવયે રતાશ પડતા ગાલવાળી કાશી કેશવના મરણ પછી શ્યામરંગી લાગે છે. દિગ્દર્શક દેરાણી-જેઠાણીના જીવનરંગમાં આવેલા પરિવર્તન આ રંગભૂષા દ્વારા સમજાવે છે.

સાહિત્યકૃતિમાંથી ફિલ્મકૃતિમાં થતી રૂપાંતરની પ્રક્રિયા માટે ચુનીલાલ મીડિયાની ટૂંકી ગુજરાતી વાર્તા 'અભુ મકરાણી' અને કેતન મહેતાની હિન્દી ફીચર ફિલ્મ 'મિર્ચ મસાલા' એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. નવલકથા કે લઘુનવલ કરતા ટૂંકીવાર્તા પ્રમાણમાં ઘણી ટૂંકી હોય છે એટલે જ ટૂંકીવાર્તા પરથી પૂર્ણ લંબાઈની ફીલ્મકૃતિ સર્જવાનું કાર્ય વધારે દિલચશ્પ હોય છે. માંડ સવા દસ પાનાની કે આશરે ૨૪૦૦ શબ્દોની આ ટૂંકીવાર્તા પ્રથમ ચુનીલાલ મડિયાના રૂપ-અરૂપ નામના સંગ્રહમાં ૧૯૫૩માં પ્રકાશિત થઇ હતી. દસ પાનાની ટૂંકીવાર્તાને દિગ્દર્શક લંબાવી – પહોળાવીને ૧૨૮ મીનીટની ફિલ્મકૃતિમાં રૂપાંતરિત કરી શકે છે. દિગ્દર્શક કેતન મહેતાએ ૧૯૮૭ માં 'મિર્ચ મસાલા' ફિલ્મ રીલીઝ કરી હતી. 'મિર્ચ મસાલા'ના મુખ્ય પાત્રોમાં નસરુદ્દીન શાહ, સ્મિતા પાટીલ અને ઓમપુરી છે. જો આરંભ, મધ્ય અને અંતમાં ફિલ્મકૃતિને અવધીની રીતે વિભાજવી હોય તો દરેક ભાગ લગભગ ૪૦ મીનીટનો થાય છે. એ ફિલ્મકૃતિને અમુક પ્રકારનો લય પ્રદાન કરે છે. એક પોપ્યુલર મેલોડ્રામા ફિલ્મકૃતિ 'મિર્ચ મસાલા' તેના ધ્વનિવિશ્વની રીતે આગવી બને છે. ચુનીલાલ મડિયા કૃત 'લીલુડી ધરતી' ગુજરાતી સાહિત્યની મહત્વની સામાજિક નવલકથા છે. આ નવલકથા પરથી 'લીલુડી ધરતી' નામે ફિલ્મ બની છે. ૧૯૫૬ થી ૧૯૫૭ ના સમયગાળામાં 'જન્મભૂમિ' દૈનિકમાં આ નવલકથા હપ્તે-હપ્તે છપાયેલી હતી. ગુજરાતીમાં પ્રયોગાત્મક નવલકથા લખવાના નિર્ણયના ફલસ્વરૂપે 'લીલુડી ધરતી' માં કથાવસ્તુનો પ્રયોગ કરવાનું મડિયાએ ધાર્યું હતું. ચુનીલાલ મડિયાની નિરીક્ષણ શક્તિ વાર્તાકલામાં મહત્વનું સ્થાન ધરાવે છે. ગામડાનું વાસ્તવિક અને પ્રાણવાન ચિત્ર દોરાય છે. 'લીલુડી ધરતી' નવલકથા પરથી દિગ્દર્શક ઉપેન્દ્ર ત્રિવેદી એ 'લીલુડી ધરતી' ફિલ્મ બનાવી છે. ઉપેન્દ્ર ત્રિવેદીએ ૧૯૭૭માં આ ફિલ્મ રીલીઝ કરી હતી. ફિલ્મના મુખ્ય કલાકારો મહેશ દેસાઈ, કલા શાહ અને ડેઇઝી ઈરાની છે. 'લીલુડી ધરતી' ફિલ્મમાં પણ નવલકથાની જેમ ગુંદાસરનું તેમજ ત્યાના ગ્રામીણ સમાજનું પ્રત્યક્ષ દર્શન થતું હોય તેવો અનુભવ થાય છે.

મધુરાય આધુનિક ગુજરાતીના પ્રસિદ્ધ લેખક છે. ઉપહાસ અને કટાક્ષના આશ્રયે મધુરાયે 'કિમ્બલ રેવન્સવૂડ' નવલકથામાં આધુનિક સભ્યતાની મજાક ઉડાવી છે અને આ નવલકથા પરથી દિગ્દર્શક આશુતોષ ગોવારીકરએ 'વોટ્સ યોર રાશી' નામની ફિલ્મ બનાવી છે. આશુતોષ ગોવારીકરે આ ફિલ્મ ૨૦૦૯માં રીલીઝ કરી. ફિલ્મના મુખ્ય કલાકારોમાં હર્મન બાવેજા અને પ્રિયંકા ચોપરા છે. ફિલ્મમાં જુદી-જુદી બાર રાશીઓ વાળી છોકરીઓનું ચરિત્ર ચિત્રણ થયું છે. જે ભાવકને વિશ્વસનીય અને રસપ્રદ લાગેછે. નાયકના મનમાં દરેક કન્યા જોયા પછી

આંતરસંઘર્ષ ઊભો થતો જોઈ શકાય છે. આમ સંઘર્ષ નિરૂપણની રજૂઆત દિગ્દર્શકે આગવી રીત કરેલી છે.

સાંપ્રત ગુજરાતી લેખિકાઓના વિદૂષી કહી શકાય એવી લેખિકાઓમાં શ્રી ધીરુબહેન પટેલ મોખરે છે. એમની 'અછુતનો વેશ' ટૂંકીવાર્તા સુવિખ્યાત છે અને 'અછુતનો વેશ' પરથી 'ભવની ભવાઈ' નામે ફિલ્મ દિગ્દર્શક કેતન મહેતાએ બનાવી છે. કેતન મહેતાએ ૧૯૮૦ માં આ ફિલ્મ રીલીઝ કરી હતી. આ ફિલ્મ ૧૩૫ મીનીટની સમય મર્યાદામાં સમાપ્ત થાય છે. ફિલ્મના મુખ્ય કલાકારોમાં નસરુદીન શાહ, ઓમપુરી, સ્મિતા પાટીલ, મોહન ગોખલે છે. ૧૯૯૯માં પ્રદર્શિત ગુજરાતી ચલચિત્ર 'મોતીના ચોક રે સપનામાં દીઠા' વર્ષા અડાલજાની લઘુનવલ 'મારે પણ એક ઘર હોય' ની કથા પર આધારિત છે. ચલચિત્રને શ્રેષ્ઠ મૌલિક કથા માટેનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે. 'મોતીના ચોક રે સપનામાં દીઠા 'ફિલ્મના દિગ્દર્શક સંદીપ પટેલ છે. ગુજરાતી ચલચિત્રની સુપરહિટ જોડી ગણાતા હિતેનકુમાર, રોમાં માણેક સાથે આરતી પટેલે અભિનય આપ્યો છે અને ભારતીય ચલચિત્રના અંગભૂત ગીત-સંગીતનો વધુ બળકટ રીતે વિનિયોગ કરવામાં આવ્યો છે. લઘુનવલમાં સુક્ષ્મ રીતે ચાલતા મનોસંચલનોને ચલચિત્રમાં મૂર્ત કરવા સ્થૂળ ઘટનાઓનો આશરો લેવાયો છે અને કથાનો અંત પણ વધુ લોક ભોગ્ય અને સુખદ બનાવ્યો છે. મુખ્ય પાત્ર લીનાનું લઘુનવલ માં સંકુલ પાત્રાલેખન ચલચિત્રમાં સપાટ જણાય છે.

રમણભાઈ નીલકંઠે ૧૯૧૩માં 'રાઈનો પર્વત' નાટકના સાત અંક અને પાંત્રીસ પ્રવેશોમાં તત્કાલીન સામાજિક સમસ્યાઓ–પ્રણયલગ્ન અને વિધવાપુર્નલગ્ન ને સાંકળી લેવા ઉપરાંત નીતિ અને અનીતિ, ધર્મ એ અધર્મના કેન્દ્રભૂત સંઘર્ષને વણી લીધો છે. મહીપતરામ નીલકંઠે સંપાદિત કરેલા ભવાઈ સંગ્રહના એક વેશ 'લાલજી મનીઆર' માં આવતા દુહાનો રમણભાઈએ 'રાઈનો પર્વત' માં આધાર લીધો છે. ચિનુ મોદીએ પણ આ દુહા "સાંઈયાસે સબ કુછ હોતા હૈ, મુજ બંદે સે કુછ નહિ,. રાઈ કો પરબત કરે, પરબત બાગે જ માહી." માં કછુ ને સ્થાને 'કયું' મુકીને ૬૬ પૃષ્ઠોમાં જાલકા નાટકની ઈમારત રચી છે. જાલ્કાની કૃતિનિશ્ચયતા અને એનો અહંકાર 'કયું' માં પ્રગટ થાય છે.

'જાલકા' પહેલા ભજ્વાયું, અતિ સફળ રીતે પછી પુસ્તકરૂપે પ્રગટ થયું. અનુસ્નાતક કક્ષાએ પાઠ્ય પુસ્તક પણ બન્યું છે. એક મૌલિક ગુજરાતી નાટક બાવીસ વખત ભજવાય એ ઘટના ગુજરાતી રંગભૂમિ માટે નોંધપાત્ર જ ગણાય. ૨૦૦૪માં ઉત્પલ મોદીએ 'જાલકા' ને રૂપેરી પડદા પર રજુ કરવા પિતા ચિનુ મોદી પાસે જ સંવાદો અને ગીતો લખાવ્યા. સફળ નીવડેલ સાહિત્યકૃતિને ચલચિત્રમાં રૂપાંતરિત કરવી એ મુશ્કેલ કામ હતું તો પણ તેમાથી બનેલી 'રાજમાતા' ફિલ્મ સફળ રહી છે.

ગુજરાતી પ્રથમ નવલકથા નંદશંકર મહેતાની 'કરણઘેલો' પરથી બનેલી ફિલ્મ 'કરણઘેલો' ૧૯૪૮માં રૂપેરી પડદે આવી. તો ઝવેરચંદ મેઘાણીની પ્રસિદ્ધ કૃતિ 'વેવિશાળ' ૧૯૪૯ માં ફિલ્મરૂપે રજુ થઇ. ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાનવલ 'સરસ્વતીચંદ્ર' નાં અમરપાત્ર 'ગુણસુંદરી' ને ધ્યાનમાં રાખીને બે વાર ફિલ્મ બની છે. એકવાર 'ગુણસુંદરી' અને બીજીવાર 'ગુણસુંદરીની ઘરસંસાર'. જેના દિગ્દર્શક ગોવિંદ સરૈયા છે. ગુણવંતરાય આચાર્યની નવલકથા પરથી 'જીવનો જુગારી' બની તો હરિકિશન મહેતાની નવલકથા પરથી સંગીતકાર બેલડી મહેશ

– નરેશે 'જોગ-સંજોગ' નું નિર્માણ કર્યું. અને હરિકિશન ભાઈની જ નવલકથા 'પ્રવાહ પલટાયો' પરથી 'ડાકુરાણી ગંગા' ફિલ્મ આવી જે અભિનેત્રી રાગીણીની પ્રથમ ગુજરાતી ફિલ્મ હતી. દિનકર જોશીની નવલકથા 'પ્રકાશનો પડછાયો' નાં કથાનક પરથી 'ગાંધી માય ફાધર' ફિલ્મ બની.

આ ઉપરાંત સારંગ બારોટની 'નંદનવન' જેનું દિગ્દર્શન શ્રી કુમારે કર્યું છે. ચુનીલાલ વર્ધમાન શાહની 'જીગર અને અમી' જેના દિગ્દર્શક ચંદ્રકાંત સાંગાણી છે. સારંગ બારોટની 'રૈનબસેરા' નું દિગ્દર્શન મહેશ દેસાઈએ કર્યું છે. ગુણવંતરાય આચાર્યની 'સારંગદેવ' નવલકથા પરથી ' મેહુલો લુહાર' ફિલ્મ બની જેના દિગ્દર્શક જશુભાઈ ત્રિવેદી છે. શયદાની વાર્તા પરથી 'વણઝારી વાવ' ફિલ્મ બની જેનું દિગ્દર્શન ચતુર્ભુજ દોશીએ કર્યું. આ ઉપરાંત મેઘાણીની 'સોરઠી બહારવટિયા' કે સૌરાષ્ટ્રની રસધાર પરથી તો 'વીર રામવાળો','વીર માંગળાવાળો' 'શેતલને કાંઠે' 'ભાદર તારા વહેતા પાણી જેવી અનેક ફિલ્મો રજુ થઇ અને કમાણી પણ કરી. જયંત ખત્રીની વાર્તા 'ધાડ' પરથી પણ ફિલ્મ બની છે. ક.મા. મુનશીની 'બે ખરાબ જણ' 'વેરની વસુલાત,' ર.વ. દેસાઈની 'કોકિલા તથા પૂર્ણિમા,' ગુણવંતરાય આચાર્યની 'અલ્લાબેલી', ઈશ્વર પેટલીકરની 'જનમટીપ' જેવી સાહિત્યકૃતિઓ પરથી ચલચિત્રો બનાવાયા અને સફળ પણ થયા છે.

સિનેમા અને સાહિત્ય વચ્ચેનો સબંધ અનેક સ્તરે પ્રગટાવી શકાય છે.એક સારા નિર્દેશકની સાહિત્યકૃતિ આધારિત ફિલ્મ દ્વારા જન માનસને સિનેમાની અસલી તાકાતનો પરચો મળ્યો હોય એવા અનેક ઉદાહરણો જોવા મળે છે. આમ કલાનું કોઈપણ માધ્યમ જે તે દેશ, જે તે સમાજ એની અપેક્ષાઓ, આશા- નિરાશાઓને અભિવ્યક્ત કરે છે. સાહિત્યને સૌથી પ્રાચીન કલા માનવામાં આવે છે, તો ફિલ્મને Art of 20th century કહેવાય છે. આ બન્ને કલાઓ હંમેશા ખૂબ અસરકારક રહી છે, અને આ બન્ને કલાઓનો સંબંધ હંમેશા ચર્ચાસ્પદ રહ્યો છે. સાહિત્ય પાસે ચિત્રમય મોકળાશ નથી તો ફિલ્મ પાસે લાંબા કથનનો અવકાશ નથી. સાહિત્ય એક જ સર્જક દ્વારા થયેલું સર્જન છે જ્યારે ફિલ્મ નિર્માણમાં અનેક સર્જકોને પોતાની કલા અને ક્ષમતા સાથે નિપૂણતાની અભિવ્યક્તિની તક મળે છે. સાહિત્યની જેમ જ સિનેમા પણ સમાજનો અરીસો છે.એ જેટલું વાસ્તવિક હોય એટલા પ્રમાણમાં એનો સામાજિક સંદર્ભ વધુ દ્રઢ બની શકે છે પરંતુ જે સર્જકતા સાહિત્યકૃતિમાં છે તે જ સર્જકતા તેમાંથી રૂપાંતરિત થતી ફિલ્મમાં જળવાઈ રહેવી જોઈએ, એ આવશ્યક છે.